આદિજાતિ વિસ્તારમાં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે મુ.બોરખલતા, આહવા, જિ.ડાંગ ખાતે સરકારી કુમાર છાત્રાલય શરૂ કરવા નવી બાબતને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક:છતલ/૧૫૨૦૧૮/ન.બા.૩૪/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા૧૩/૦૪/૨૦૧૮

વંચાણે લીધા:-

(૧) કમિશ્નરશ્રી(આ.વિ.) નો તા.૧૨/૦૧/૨૦૧૮નો પત્ર નં.આવિ/છતલ/૧/ફા.નં. ૨૦૪૫/૨૦૧૭-૧૮/૩૪ થી ૩૫

**ઠરાવ:-**

અનુસૂચિત જનજાતિના મોટાભાગના લોકો ઉંડાણવાળા જંગલ વિસ્તારમાં રહેતા હોય છે તેમની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાના કારણે સારૂ શિક્ષણ મેળવી શકતા નથી. અનુસૂચિત જનજાતિના આવા જરૂરીયાતવાળા બાળકોને રહેવાની અને જમવાની વ્યવસ્થા મળી રહે તે માટે રાજ્ય સરકાર સંચાલિત જુદા જુદા સ્થળોએ આવા છાત્રાલયો નહી હોવાના કારણે અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને છાત્રાલયના લાભથી વંચિત રહેવું પડે છે. તેથી આ પરિસ્થિતિ નિવારવા માટે અને અનુસૂચિત જનજાતિના કુમારોમાં શિક્ષણનું પ્રમાણ વધે અને વધુને વધુ અનુસૂચિત જનજાતિના કુમારોને લાભ મળે તે માટે આદિજાતિ વિસ્તારમાં મુ.તા.બોરખલતા, આહવા, જિ.ડાંગ ખાતે એક નવું સરકારી કુમાર છાત્રાલય મંજૂર કરવા રૂ.૨૮.૬૭ લાખની નવી બાબતની જોગવાઈ માંગણી નં.૯૬ ટીએએસપી સદર હેઠળ આગામી વર્ષ ૨૦૧૮-૧૯માં સમાવેશ કરવા દરખાસ્ત કરવામાં આવેલ, જેની વહીવટી મંજૂરીની બાબત વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે મુ.તા.બોરખલતા, આહવા, જિ.ડાંગ ખાતે સરકારી કુમાર છાત્રાલય શરૂ કરવા મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી, વર્ગ-૩ની એક (પગાર ધોરણ-ROP-2006 રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ-પે-રૂ.૪૪૦૦/-, પગાર ધોરણ-ROP-2016-રૂ.૩૯,૯૦૦- ૧,૨૬,૬૦૦/-,પે-મેટ્રીકસ લેવલ-૭ તથા ના.વિ. ના તા.૧૮/૧/૨૦૧૭ના ઠરાવ મુજબ માસિક ફીકસ પગાર રૂ.૩૮,૦૯૦/-) તથા જુનિયર ક્લાર્ક, વર્ગ-૩ની એક (પગાર ધોરણ-ROP-2006 રૂ.૫,૨૦૦-૨૦,૨૦૦, ગ્રેડ-પે-રૂ.૧,૯૦૦/-, પગાર ધોરણ-ROP-2016-રૂ.૧૯,૯૦૦- ૬૩,૨૦૦/-,પે-મેટ્રીકસ લેવલ-૨ તથા ના.વિ. ના તા.૧૮/૧/૨૦૧૭ના ઠરાવ મુજબ માસિક ફીકસ પગાર રૂ.૧૯,૯૫૦/-) એમ કુલ-૨ (બે) નવી જગ્યાઓ ઉભી કરવાના તથા પટાવાળા, ચોકીદાર, સફાઈ કામદાર, રસોયા અને રસોડા કામદારની કામગીરી માટે રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમોનુસાર આઉટસોર્સિંગના ધોરણે કરાવવાના મહેકમ ખર્ચ અને અન્ય ખર્ચ પેટે કુલ રૂ.૨૮.૬૭ (અંકે રૂપિયા અઠ્યાવીસ લાખ સડસઠ હજાર પુરા) લાખની સને ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં થયેલ જોગવાઈની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત બાબતે પ્રવર્તમાન નિયમોને આધીન આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૬) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૭) જે તે જગ્યાઓના પગાર ધોરણો આર.ઓ.પી. ૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે અંગેની ખાતરી કરી લેવાની જવાબદારી વિભાગની રહેશે.

(૮) સીધી ભરતીથી નિમણુંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણુંક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮/03/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક:-નપન/૨૦૦૩/જી.ઓ.આઇ/૧૦ (પા.ફા.) ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધી પેન્શન યોજના તેમજ તે અંગેના વખતો વખત થયેલ સુધારા લાગુ પાડવાના રહેશે.

(૯) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૦) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન પરીક્ષા નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૧) કમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર નિયત થયેલ કોમ્પ્યુટરની પરીક્ષા પાસ કરેલ / લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૧૨) રાજ્ય સરકાર દ્વારા વખતો વખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૩) નવી મંજુર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્તની મુદ્દત પુરી થતા પહેલાના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજુ કરી જગ્યાઓ વધુ સમય માટે ચાલુ રાખવાની મંજુરી મેળવી લેવાની રહેશે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૬, મુખ્ય સદર: ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨-અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર: (૦૯)-

વી.કે.વાય-૧૨ સરકારી છાત્રાલયો અને ડ્રાય હોસ્ટેલોના સ્થાપના અને વિકાસ માટેની નવી બાબત હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખાક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૦૯/૦૪/૨૦૧૮ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિદ્યુત પંડ્યા)
સરકાર સંયુક્ત સચિવ

પ્રતિ

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી, (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી, (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, (આ.વિ.), બિરસામુંડા ભવન, ગાંધીનગર, તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), બ્લોક નં.૧૧/૩જો માળ, સચિવાલય, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ડાંગ.
- ઉપસચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી,આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઈલ.
- ના.સે.અ. સિલેક્ટ ફાઈલ